તા.02 ડિસેમ્બર, 2013

# રાજ્યસભાના વિપક્ષી નેતા શ્રી અરુણ જેટલીની ફેસબુક પોસ્ટ

જમ્મુ અને કાશ્મીરમાં પુત્રી-વિરોધી પરિસ્થિતિઃ

ભાજપના વડા પ્રધાનપદના ઉમેદવાર શ્રી નરેન્દ્ર મોદી અને શ્રી રાજનાથ સિંહે જમ્મુ અને કાશ્મીરમાં વિશાળ રેલીને સંબોધન કર્યું.

જમ્મુ અને કાશ્મીર ભારતનું અવિભાજ્ય અંગ છે એવી વિચારધારા ભારતીય જનસંઘના સમયથી ભારતીય જનતા પક્ષે અપનાવેલી છે.

ભાજપ માને છે કે જમ્મુ અને કાશ્મીર ભારતનું અવિભાજ્ય અંગ હોવાની ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીની વિચારધારા જ ભારત માટે યોગ્ય છે.

નહેરુની વિચારધારાએ 1953ની સાલ પછી જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપીને પોતાના શાસન અને આઝાદી સુધીની મહત્ત્વાકાંક્ષા વધારી દીધી. આ ત્રણ વિચારોએ જમ્મુ અને કાશ્મીરનો ભારતના અન્ય રાજ્યો સાથેનો રાજકીય તેમ જ બંધારણીય સંબંધો નબળા બનાવ્યા. વિશેષ દરજ્જો અપાવાને કારણે અલગ રાજ્યનો વિચાર વહેતો થયો. કલમ-370ના મામલે અર્થઘટન કરવા ભાજપ કોઈની પણ સાથે ચર્ચા કરવાનો પડકાર ફેંકે છે.

પુત્રી-વિરોધી નીતિ

આશરે પાંચ દાયકાથી જમ્મુ અને કાશ્મીરમાં અલગ કાયદા અમલમાં છે, જેમાં એક કાયદો એવો છે કે જમ્મુ અને કાશ્મીરના કોઈ પરિવારની પુત્રી અન્ય રાજ્યના યુવક સાથે લગ્ન કરે તો તે જમ્મુ અને કાશ્મીરના કાયમી વસાહતીનો દરજ્જો અને વિશેષાધિકાર ગુમાવી દે છે. તે રાજ્યની અનેક મહિલાઓએ આ કાયદાની બંધારણીય માન્યતા સામે સવાલ ઊઠાવ્યો છે.જમ્મુ અને કાશ્મીરની વડી અદાલતે પણ 7 ઓક્ટોબર, 2002ના રોજ આપેલા ચુકાદામાં એવો ઉલ્લેખ કર્યો છે કે જમ્મુ અને કાશ્મીર બહાર લગ્ન કરનાર પુત્રી પોતાના વિશેષાધિકાર ગુમાવશે નહિ. તે કેસમાં નેશનલ કોન્ફરન્સ વતી એડવોકેટ જનરલ એમ.એ.ગોનીએ પુત્રીઓની માગણીઓ સામે વિરોધ કર્યો હતો. તેની નોંધ ચુકાદામાં પણ કરવામાં આવી છે. શ્રી ઉમર અબ્દુલ્લાના પક્ષની સરકારે આવો અભિગમ દર્શાવ્યો હતો. વડી અદાલતના ચુકાદાથી નારાજ નેશનલ કોન્ફરન્સ સરકારે સર્વોચ્ચ અદાલતમાં સ્પેશયલ લિવ પિટીશન દાખલ કરી હતી.

વર્ષ 2003માં કોંગ્રેસના ટેકાથી પીડીપી સરકાર સત્તામાં આવી. તે સરકારે જમ્મુ અને કાશ્મીર રહેવાસી (દરજ્જો રદ્ કરતો) ખરડો, 2004 રજૂ કર્યો હતો. જેમાં રાજ્ય બહારના પરિવાર સાથે લગ્ન કરનાર પુત્રી રાજ્યની મિલકતોનું માલિકીપણું ગુમાવી દે એવી જોગવાઈ કરી હાઈકોર્ટના ચુકાદાને બિનઅસરકારક બનાવવાનો પ્રયાસ થયો. તે ખરડાને પીડીપી અને નેશનલ કોન્ફરન્સના સભ્યોએ સમર્થન આપ્યું હતું. તે ખરડો વિધાનસભામાં મંજૂર પણ થયો હતો.

માર્ચ-2004માં તત્કાલીન વડા પ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીએ એવું સૂચન કર્યું હતું કે રાજ્ય સરકારે આ સમસ્યાનો ઉકેલ શોધી કાઢવો જોઈએ. તે વખતે પીડીપી અને નેશનલ કોન્ફરન્સના સભ્યોએ બંધારણની કલમ-370 હેઠળ જમ્મુ અને કાશ્મીરને અપાયેલા વિશેષ દરજ્જાનો મુદ્દો આગળ ધર્યો હતો.

વિધાનસભામાંથી તે ખરડો મંજૂર થયો, પણ પછી વિધાનપરિષદમાં અધ્યક્ષે તેની તરફેણમાં મતદાન ન કરતા તે ખરડો આગળ વધતો અટક્યો હતો. તાજેતરમાં તે ખરડો ફરીએકવાર પસાર કરાવવાના પ્રયાસો થયા. 2010ની સાલમાં ખાનગી ખરડા તરીકે તેને વિધાનપરિષદમાં લાવવામાં આવ્યો. બંધારણની કલમ-370 હેઠળ જમ્મુ અને કાશ્મીરને અપાયેલા વિશેષ દરજ્જાનો મુદ્દો અને પુત્રીના વિશેષાધિકારનો મુદ્દો આમનેસામને આવી ગયા છે.

શું ઉમર અબ્દુલ્લા પોતાના પક્ષની શંકાસ્પદ કામગીરી અવગણીને આ મામલે વિચાર કરશે ખરા... આવી ભેદભાવપૂર્ણ જોગવાઈનો સ્વીકાર ન કરવો જોઈએ. ભારતીય કાયદામાં બધાને ગરિમાપૂર્ણ જીવન જીવવાનો અધિકાર અપાયેલો છે.